**<u>પ્રસ્તાવના:</u>**

ગુજરાત માં સંસ્કાર પ્રવૃતત્તિઓને વધુ વ્યાપક અને અંતર્વર્તી પ્રદેશો સુધી પહોંચતી કરવા માટે સરકાર પ્રતિબધ્ધ છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને પાંચ ભગીની અકાદમીઓ દ્વારા સાહિત્ય પ્રચાર પ્રસારનું કાર્ય કરાઈ રહ્યું છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન રાજ્ય સરકાર દ્વરા ગુજરાત સાહિત્ય અકાદમીના સત્તા મંડળની નવ રચના કરવામાં આવી છે. અને સાત સભ્યોની કાર્યવાહક સમિતિ અને અગિયાર સભ્યોનું માર્ગ દર્શક મંડળ નિયુક્ત કરાયું છે.

**<u>ગુજરાત રાજયમાં છ અકાદમીઓ કાર્યરત છે, જે નીચે મુજબ છે.</u>**

- **ગુજરાત સાહિત્ય અકાદમી**
- **સંસ્કૃત સાહિત્ય અકાદમી**
- **હિન્દી સાહિત્ય અકાદમી**
- **કચ્છી સાહિત્ય અકાદમી**
- **ઉર્દુ સાહિત્ય અકાદમી**
- **સિંધી સાહિત્ય અકાદમી**

**રાજય અને રાજય** બહાર રાષ્ટ્રીય સ્તરે તેનું ગૌરવ સ્થાપિત કરી શકાય તેવા વિશાળ અભિગમ સાથે આ અકાદમીઓ કાર્ય કરે છે. અકાદમીઓના ભાષા સાહિત્ય વિકાસ અને ઉત્કર્ષ માટેની મુખ્ય યોજનાઓ નીચે મુજબ છેઃ

**સદર: ૨૨૦૨- સામાન્ય શિક્ષણ-૦૫-૧૦૨-૧ એઆરટી-૧૧-ગુજરાતી ભાષા અને  સાહિત્યનો વિકાસ.**

પ્રસ્તુત સદરે વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં આયોજન બહાર સદરે <u>૧૬૯.૪૪ લાખ</u> તથા આયોજન હેઠળ <u>૩૫૯.૫૦ લાખ</u> ની જોગવાઇ ૩૧૩૫ - સહાયક અનુદાન – (ગ) અન્યની વિગતવાર સદરે કરવામાં આવી છે.

અકાદમી ધ્વારા વર્ષ ૨૦૧૧૬-૧૭ દરમ્યાન નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

**[૧] <u>પુસ્તક પ્રકાશન : આર્થિક સહાય યોજના</u>**

**<u>(૧) નવોદિત પુસ્તક પ્રકાશન સહાય</u>**

અકાદમી દ્વારા દર વર્ષે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નવી કલમોને પ્રોત્સાહન મળે એ હેતુથી નવોદિત સર્જકોને તેમના સર્જનાત્મક સ્વરૂપના પ્રથમ પુસ્તકના પ્રકાશન માટે અકાદમી દ્વારા તેમની હસ્તપ્રતનું પરામર્શન કરાવી યોગ્ય જણાતા રૂ. ૧૫,૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવે છે. આ સંદર્ભે વર્ષ ૨૦૧૬-૧૭ માં  ૩૧ જેટલી હસ્તપ્રતો મળી છે. જે બધી પરામર્શન માટે સાહિત્યકરોને મોકલવામાં આવી છે. અને યોગ્ય જણાયે સહાય કરાય છે.

**<u>(૨) શિષ્ટમાન્ય પુસ્તક પ્રકાશન સહાય</u>**

સાહિત્ય ક્ષેત્રે સંશોધન, વિવેચન ક્ષેત્રે પ્રવૃત્ત સંશોધક વિદ્વાનોને તેમના ગ્રંથ પ્રકાશન માટે રૂ. ૧૫,૦૦૦/- ની આર્થિક સહાય કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૩૦ જેટલી હસ્તપ્રતો પ્રાપ્ત થઈ છે. જેને જે તે વિષયકના વિદ્વાનોને પરામર્શન માટે મોકલવામાં આવી છે. અને યોગ્ય જણાયે સહાય કરાય છે.

**<u>(3) બાળ સાહિત્ય પુસ્તક પ્રકાશન સહાય</u>**

બાળ સાહિત્ય ક્ષેત્રે સર્જન કરતા બાળ સાહિત્યકારોને તેમના ગ્રંથ પ્રકાશન માટે અકાદમી દ્વારા રૂ. ૫૦૦૦/- ની આર્થિક સહાય કરવામાં આવે છે. આ સંદર્ભે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧૮ જેટલી હસ્તપ્રતો મળી છે. જે બધી પરામર્શન માટે સાહિત્યકરોને મોકલવામાં આવી છે. અને યોગ્ય જણાયે સહાય કરાય છે.

(૪) **અનુવાદિત પુસ્તક પ્રકાશન સહાય**

અન્ય ભાષામાંથી ગુજરાતી હિન્દી કે સંસ્કૃતમાં અનુવાદિત રચનાઓના પ્રકાશન માટે અકાદમી દ્વારા રૂ. ૧૫,૦૦૦/- ની આર્થિક સહાય કરવામાં આવે છે. આ સંદર્ભે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૦૨ જેટલી હસ્તપ્રતો મળી છે. જે બધી પરામર્શન માટે સાહિત્યકરોને મોકલવામાં આવી છે. અને યોગ્ય જણાયે સહાય કરાય છે.

[૨] **સાહિત્યિક/ શૈક્ષણિક/ સામાજિક સંસ્તાઓને કાર્યક્રમ સહાય યોજના**

સર્વે અકાદમીઓ દ્વારા રાજ્યની સાહિત્યિક/શૈક્ષણિક/ તેજન સામાજિક સંસ્થાઓને સાહિત્યલક્ષી કાર્યક્રમ માટે રૂ. ૫૦,૦૦૦/- ની મર્યાદમાં સહાય કરવામાં આવે છે. જે કાર્યવાહક સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણય અનુસાર કરવામાં આવે છે.

[૩] **વૃધ્ધ સાહિત્યકાર આર્થિક સહાય યોજના**

સર્વે અકાદમીઓ દ્વારા વૃધ્ધ આર્થિક રીતે પગભર ન હોય તેવા સાહિત્યકારોને પ્રતિ માસ પ્રત્યેકને રૂ. ૩,૦૦૦/ લેખે આર્થિક સહાય આપવામાં આવે છે. સાહિત્યકાર તરીકે તેઓના ઓછામાં ઓછા પાંચ અને સાહિત્ય ક્ષેત્રનું એક પુસ્તક પ્રકાશિત થયેલુ હોવું. અને તેઓની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૬૦,૦૦૦/- થી ઓછી હોય તેમાં આવતા સાહિત્યકારો પાસે પ્રતિ વર્ષ આવેદન પત્ર મંગાવી, ચકાસણી બાદ મંજૂર કરાય છે.

[૪] **સામયિકો**

ગુજરાતી ભાષામાં અકાદમીનું મુખપત્ર માસિક "શબ્દસૃષ્ટિ" પ્રસિધ્ધ કરાય છે તથા ઉર્દૂ ભાષામાં વાર્ષિક "સાબરનામા", સિંધી ભાષામાં "અદબી ચમન" અને 'બાગબહાર' (ત્રિમાસિક), ઝવેરચંદ્ર મેઘાણી સાહિત્ય કેન્દ્ર દ્વારા લોકસાહિત્યમાં "લોક ગુર્જરી", વલી ગુજરાતી ગઝલકેન્દ્ર સંદર્ભે "ગઝલવિશ્વ (ત્રિમાસિક), જેવા સામયિકો નિયમિત પ્રગટ કરવામાં આવે છે.

[૫] **સાહિત્ય રત્ન પુરસ્કાર : રૂ. ૧,૫૧,૦૦૦/-**

ગુજરાતી ભાષા સાહિત્ય ક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન કરનાર વરિષ્ટ સાહિત્યકારને વર્ષ ૨૦૧૬ થી આ પુરસ્કાર એનાયત કરવમાં આવે છે. ગુજરાતી ભાષાનો ગૌરવ પુરસ્કાર થી ઉપલી કક્ષાનો આ મોટો પુરસ્કાર દર વર્ષે એક સર્જકને આપવામાં આવે છે. જેમાં પ્રથમ વર્ષ ૨૦૧૬ નો આ પુરસ્કાર જાણીતા સર્જક અને ચિંતક શ્રી ગુણવંત શાહને માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે અપાયો છે.

[૬] **રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક : રૂ. ૭૫,૦૦૦/-**

ગુજરાતી ભાષા હાસ્ય સાહિત્ય ક્ષેત્રે મૂલ્યવાન પ્રદાન કરનાર વરિષ્ટ સાહિત્યકારને વર્ષ ૨૦૧૬ થી આરંભ થયેલ આ પુરસ્કાર એનાયત કરવમાં આવે છે. ગુજરાતી ભાષા હાસ્ય ક્ષેત્રના આ પુરસ્કાર દર વર્ષે એક સર્જકને આપવામાં આવે છે. જેમાં પ્રથમ વર્ષ ૨૦૧૬ નો આ પુરસ્કાર જાણીતા હાસ્યકાર શ્રી વિનોદ ભટ્ટને માન. શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ હસ્તે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યો.

[૭] <u>સાહિત્ય ગૌરવ પુરસ્કાર</u>

ગુજરાત સાહિત્ય અકાદમી, હિન્દી, સિંધી, સંસ્કૃત, ઉર્દુ અને કચ્છી સાહિત્ય અકાદમી ધ્વારા તે ભાષા સાહિત્યના વિકાસ અને ઉત્કર્ષમાં પોતાના સર્જન, વિવેચન કે સંશોધન ધ્વારા ઉત્તમ પ્રદાન કરનાર કોઇ એક મુર્ધન્ય સાહિત્યકારને તેમની લાંબા ગાળાની સાહિત્ય સેવા અને નોંધપાત્ર અર્પણને ધ્યાનમા રાખીને સાહિત્યનો ગૌરવ પુરસ્કાર રૂ.૧.૦૦ લાખ, શાલ અને સન્માનપત્ર અર્પણ કરવામા આવે છે.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૬નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર જાણીતા લેખકશ્રી માધવ રામાનુજને ગુજરાત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના માનનીય મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીના વરદ હસ્તે પદ્મશ્રી ડૉ. એચ એલ ત્રિવેદીની ઉપસ્થિતિમાં સાહિત્ય ગૌરવ અર્પણ કરવાનો સમારંભ યોજવામાં આવ્યો.

[૮] **<u>શ્રેષ્ઠ પુસ્તક ઇનામ પુરસ્કાર</u>**

છ સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ કેલેન્ડર વર્ષે પ્રકાશિત થતા પુસ્તકોમાંથી શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક આપાય છે. આ પુસ્તકોના લેખકોને સન્માનવાનો ઉપક્રમ છે. જેમાં પ્રથમ, દ્વિતિય તથા તૃતિય ઈનામ માટે ક્રમશઃ ૧૧,૦૦૦/-, ૭,૦૦૦/- અને ૫,૦૦૦/- રાશિ તથા સન્માનપત્ર, શિલ્ડ આપવામાં આવે છે. આ યોજના અન્વયે વર્ષ ૨૦૧૩ ના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક ઈનામ જાહેર સમારોહ યોજી આપવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષના શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક જાહેર કરાયા છે. જેમાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ ના કુલ ૧૫ જુદા જુદા વિભાગોમાં ૯૦ સર્જકોને એક ભવ્ય જાહેર સમારોહ યોજીને આ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવશે.

[૯] **<u>પ્રશિષ્ટ પુસ્તક પ્રકાશન</u>**

પ્રતિ વર્ષે અકાદમી દ્વારા ઉત્તમ ગ્રંથો પ્રગટ કરાય છે. જેમાં ચાલુ વર્ષે ઝુલ ઝાલાવાડ ઝુલ, સંસ્કૃતિ સૂચિ, જયંતી દલાલનું સમગ્ર સર્જન, તો વળી મેઘાણી ગ્રંથાવલિનો લોકસાહિત્ય પર ગ્રંથ, રણજીતરામ વાવાભાઈ મહેતાનું સાહિત્ય પ્રગટ થઈ ચૂક્યા છે.

**<u>આગામી પ્રકાશનો</u>**

પ્રકાશન વિભાગમાં ગુજરાતી સાહિત્યનાનોંધપાત્ર અને શિષ્ટસાહિત્યના ૧૪ જેટલા ગ્રંથો આગામી સમયમાં પ્રગટ થવાને તૈયાર છે. જેમાં મનુભાઈ ત્રિવેદી 'સરોદ' નું સમગ્ર સાહિત્ય વળી આ બધા ગ્રંથો ટૂંક સમયમાં પ્રકાશાધિન છે.

[૧૦] **<u>સંસ્કૃતોત્સવ</u>**

પ્રતિ વર્ષ અષાઢ માસના પ્રથમ દિવસે આષાઢસ્ય પ્રથમ દિવસે સંસ્કૃતોત્સવ નામક કાર્યક્રમનું આયોજન કરાય છે. સંસ્કૃત ભાષાના સંવર્ધન- વિકાસના આ સમગ્ર કાર્યક્રમને સંસ્કૃત ભાષામાં યોજાય છે.

જે અંતર્ગત તા. ૦૫/૦૭/૨૦૧૬ ને આષાઢસ્ય પ્રથમ દિવસે ટાગોર હોલ, અમદાવાદ ગુજરાત ના મહામહિમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી તથા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની હાજરીમાં ત્રણ વેદ પંડિતો તથા ત્રણ શાસ્ત્ર પંડિતોને સન્માનીત કરવામાં આવ્યા તથા વર્ષ ૨૦૧૬ ના સાહિત્ય ગૌરવ પુરસ્કાર તથા યુવા ગૌરવ પુરસ્કાર આપવામા આવ્યા. તેની સાથે સંસ્કૃત ભાષી કુટુંમ્બને પણ સન્માનીત કવામાં આવ્યું. અને સંસ્કૃત કૃતિઓ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યા.

[૧૧] <u>સરફરોશી પુસ્તક પ્રકાશન શ્રેણી</u>

ગુજરાતના બાળ તથા કિશોર વર્ગની નવી પેઢીને દેશના વિવિધ ક્ષેત્રે નેતૃત્વ ભર્યું પ્રદાન કર્તા વ્યક્તિઓન જીવન- કવનનીએ ઝાંખી કરાવવા આ શ્રેણી સર્જાઈ છે. જેમાં સરફરોશી પુસ્તક પ્રકાશન સમિતિની રચના કરવામા આવી છે. સમિતિની વિવિધ બેઠકમાં લેવાયેલાં નિર્ણય અનુસાર **કુલ-૪૪ ચરિત્રનાયકોનાં** પુસ્તક પ્રગટ કરવામા આવ્યા છે. આ પુસ્તકો રાજયના વિવિધ ગ્રંથાલયો, શાળાઓ, કોલેજો અને રાજય સરકારના વિભાગોમા ભેટ તથા યોગ્ય પ્રસંગે આપવામા આવે છે.

[૧૨] <u>વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર</u>

ગુજરાતના સૂફી શાયર વલી ગુજરાતીની સ્મૃતિમાં વલી ગુજરાતી ગઝલ કેન્દ્રની સ્થાપના કરાઈ છે. જેમાં ત્રિમાસિક ગઝલ વિશેષાંક !! ગઝલ વિશ્વ !! નામે અંક પ્રગટ કરાય છે. રાજયના વિવિધ સ્થળે ગઝલ ગાનનો કાર્યક્રમ/મુશાયરા યોજવામાં આવે છે.તથા ગુજરાતના ખ્યાતનામ ગઝલકારને 'વલી' ગુજરાતી ગઝલ એવોર્ડથી સન્માનિત કરાય છે. જેમાં રૂ. ૧ લાખ, શાલ તથા સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૪ માટે શ્રી જાણીતા સાહિત્ય કાર શ્રી રાજેશ વ્યાસ મિસ્કીનને માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી ના વરદ હસ્તે રૂ. ૧ લાખ, શાલ તથા સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું.

[૧૩] <u>હિન્દી સપ્તાહની ઉજવણી</u>

તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રિય હિન્દી દિવસના રોજ હિન્દી ભાષાના પ્રચાર પ્રસાર માટે દર વર્ષે અકાદમી દ્વારા કાર્યક્રમ યોજવામાં અવે છે. જેમાં મૂર્ધન્ય સાહિત્યકારો ના વક્તવ્ય તથા કવિસંમેલનનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે રાજકોટ ખાતે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

**[૧૪] અકાદમી દ્વારા રાજ્ય બહાર સાહિત્ય ઉત્કર્ષ કાર્ય માટે ગુજરતી ભાષા સંવર્ધ સમિતિની રચના કરાઈ છે.**

**[૧૫] નરસિંહ મહેતા ૬૦૦મી જન્મ શતાબ્દી ઉજવણી** નિમિત્તે રચિત સમિતિ દ્વારા **નરસિંહ મહેતા સંશોધન અને સ્ત્રોત કેન્દ્ર** જુનાગઢ ખાતે રૂપાયતન સંસ્થાના સહયોગમાં ચાલુ કરાઈ રહ્યું છે. તથા નરસિંહ મહેતાની વેબસાઈટ તૈયાર કરાઈ રહી છે.

નરસિંહ મહેતાના પદોને હિન્દી સાહિત્ય પરિષદના સહયોગથી હિન્દીમાં અનુવાદ તથા શ્રી મકરંદ મુશળે તથા સુશ્રી સુષ્મા લેલે ના સહયોગથી મરાઠીમાં અનુવાદ કરી ઉપલબ્ધ કરાયા છે. આ ઉપરાંત નરસિંહ મહેતાના જીવન પર આધારીત 'નોખો નાગર નરસૈયો', 'હળવાં કરમનો હું નરસૈંયો' અને 'વૃક્ષમાં બીજ તું' આમ કુલ ત્રણ નાટકની ભજવણી ગુજરાત ભરમાં કરવામાં આવી છે.

**[૧૬] અકાદમી સંસ્થાકીય કાર્યક્રમ ઉપરાંત ખુદના સાહિત્યિક કાર્યક્રમો પણ કરી રહી છે.** જેમાં વર્તાશિબિર, કાવ્યશિબિર, કવિસંમેલન, ગદ્યસત્ર, શબ્દસૃષ્ટિ વ્યાખ્યાનમાળા, બાલ સાહિત્ય શિબિર તથા ગૌરવ પુરસ્કૃત સાહિત્યકાર પર ગૌરવ વ્યાખ્યાન માળા જેવા કાર્યક્રમ સ્થાનિક સંસ્થા સાથે મળીને આયોજન કરાય છે.

**<u>[૧૭] શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ :-</u>**

અકાદમીના નેજા હેઠળ ખાસ અનુદાન ફાળવીને આ કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે રાજકોટ ખાતે કાર્યરત છે. તેના દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિ કરાય છે.

- શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ જાણીતા લોકસાહિત્યકાર શ્રી શિવદાન ગઢવીને રૂ.૧.૦૦ લાખનો એવોર્ડ પૂજ્યશ્રી મોરારીબાપુના વરદ હસ્તે માન. કેન્દ્રિય રાજ્ય મંત્રીશ્રી પુરોષોત્તમ રૂપાલા અને માન. મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને માન. મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની પ્રેરક ઉપસ્થિતિમાં આપવામાં આવ્યો.
- હેમુ ગઢવી એવોર્ડ લાખાભાઈ બારોટને મહામહીમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીજી તથા પુજ્યુ મોરારીબાપુના વરદ હસ્તે રૂ. ૧ લાખ નો એવોર્ડ આપવામાં આવ્યો.
- પુસ્તક પ્રકાશન માટે રૂ.૧૦,૦૦૦/- ની મર્યાદામાં આર્થિક સહાય આપવામાં આવે છે.
- કેન્દ્ર દ્વારા લોક સાહિત્ય, સંતસાહિત્ય અને ચારણી સાહિત્ય વિષયક મહત્વના ગ્રંથોનું પ્રકાશન કરાય છે.
- લોકસાહિત્યકારોને સંશોધન પ્રોજેક્ટ માટે રૂ.૫૦,૦૦૦/- ની મર્યાદામાં (પ્રત્યેક)ને આર્થિક સહાય આપવામાં આવે છે.
- કેન્દ્ર દ્વારા લોકસાહિત્યના કાર્યક્રમ/પરિસંવાદ સંસ્થાઓને આર્થિક સહાય કરવામાં આવે છે.
- ૫૦૦ થી વધુ દુર્લભ ગ્રંથો વસાવીને ગ્રંથાલય ઊભુ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે દ્રશ્યશ્રાવ્ય સામગ્રીનો ગ્રંથાલય ઊભુ કરવામાં આવ્યું.
- દુર્લભ હસ્તપ્રસ્તોનું સ્કેનીગ અને ડિઝીટીલાઇઝેશન કરવામાં આવે છે.
- કંઠસ્થ પરંપરાની સામગ્રીનું દસ્તાવેજી કરણ કરવામાં આવે છે. જેમાં કુલ ૧૭ મુલાકાતો દ્વારા આ કામ કાર્યરત છે.
- લોક ગૂર્જરી સામયિક દર ત્રણ માસે પ્રકાશિત કરવામાં આવે છે.
- હસ્તપ્રત વિદ્યાનો પ્રમાણપત્ર કોર્ષ નિઃશૂલ્ક ચલાવવામાં આવે છે.

<u>સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ</u>

- પ્રતિવર્ષ સંસ્કૃત ભાષાના ૪ વયોવૃદ્ધ વિદ્વાનોને આર્થિક સહાય આપવામાં આવે છે.
- પ્રતિવર્ષ એક સંસ્કૃત વિદ્વાનને ગૌરવ પુરસ્કાર તરીકે રૂ.૧,૦૦,૦૦૦/- ની રોકડ રકમ, શાલ તથા સન્માન પત્ર આપવામાં આવે છે.
- ગ્રંથ પ્રકાશનની યોજના હેઠળ સંસ્કૃત ભાષાના વ્યાકરણ વિષયક સંશોધનાત્મક તથા વિવેચનાત્મક ગ્રંથો પ્રગટ કરવામાં આવે છે.
- વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત ભાષાના ત્રણ પંડિતોને પ્રત્યેકને રૂ.૫૦,૦૦૦/-, શાલ અને સન્માનપત્ર અર્પણ કરવામાં આવે છે.
- યુવા ગૌરવ પુરસ્કાર રૂ.૫૦,૦૦૦/- પ્રતિવર્ષ એક યુવા સાહિત્યકારને અર્પણ કરવામાં આવે છે.

<u>હિન્દી સાહિત્ય અકાદમી ધ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ;-</u>

- શિષ્ટમાન્ય પુસ્તકોના લેખકને તથા નવોદિત લેખકને સહાય આપવી.
- ગ્રંથપ્રકાશન યોજના અંતર્ગત હિન્દી ભાષાના ઉત્તમ પુસ્તકો પ્રકાશિત કરવા.
- ઉત્તમ ગુણવત્તા ધરાવતા હિન્દી પુસ્તકોને પારિતોષિક આપવા
- વિશ્વ સાહિત્યની ઉત્તમ કૃતિઓને હિન્દીમાં અનુવાદ કરવા માટે સહાય આપવી.
- હિન્દી સાહિત્યના પરિસંવાદ યોજી હિન્દી સાહિત્યના વિવિધ સ્વરૂપોની સમીક્ષા કરવી.

**ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ :-**

- શિષ્ટમાન્ય પુસ્તકોના લેખક તથા નવોદિત લેખકને સહાય આપવામાં આવે છે.
- ઉર્દૂ ભાષાના પરિસંવાદ યોજવા
- સાબરનામા નામના ઉર્દૂ વાર્ષિકનું પ્રકાશન કરવામાં આવે છે.
- ઉર્દૂ ભાષાના ઉત્તમ પુસ્તકો તથા મૂર્ધન્ય લેખકનું સન્માન કરવામાં આવે છે.
- આર્થિક રીતે નબળા ઉર્દૂ સાહિત્યકારોને સહાય આપવામાં આવે છે.
- અપ્રાપ્ય ઉર્દૂ પ્રશિષ્ટ પુસ્તકોનું પુનઃ મુદ્રણ કરવામાં આવે છે.
- ઉર્દૂ ભાષાના પરિસંવાદોનું આયોજન કરવામાં આવે છે.
- યુવા સાહિત્યકારને યુવા ગૌરવ પુરસ્કાર આપવામાં આવે છે.

**સિંધી સાહિત્ય અકાદમી દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ**

- શિષ્ટમાન્ય પુસ્તકોના લેખક તથા નવોદિત લેખકને આર્થિક સહાય આપવામાં આવે છે.
- પ્રશિષ્ટ કૃતિઓનું સિંધી ભાષામાં ભાષાંતર કરવામાં આવે છે.
- અદબી ચમન નામના વાર્ષિકનું પ્રકાશન કરવામાં આવે છે.
- સિંધી ભાષાના ઉત્તમ પુસ્તકો તથા મૂર્ધન્ય લેખકને પારિતોષિક આપવામાં આવે છે.
- અપ્રાપ્ય સિંધી પુસ્તકોનું પુનઃ મુદ્રણ કરવામાં આવે છે.
- સિંધી ભાષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવે છે.

**કચ્છી સાહિત્ય અકાદમી ધ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ;-**

- કચ્છી ભાષાના વિકાસ માટે કામગીરી કરવી.
- કચ્છી સામયિક અને ગ્રંથો પ્રકાશિત કરવા.
- કચ્છી ભાષામાં ઓડિયો –વિડીયો કેસેટનું ઉત્પાદન, પ્રકાશન અને વિતરણ કરવું
- કચ્છી ભાષા સાહિત્ય માટે પરિસંવાદો આયોજિત કરવા.
- કચ્છી ભાષના લેખકોને. ફેલોશીપ તથા પુરસ્કાર આપવા.
- રાજયમાં કચ્છી ભાષામા સાહિત્યને ઉપકારક થાય તેવા સંશોધન કેન્દ્રો તથા સ્વાધ્યાય પીઠો સ્થાપવા.
- કચ્છી લોકગીત, સુગમ સંગીત, ડાયરા, નાટક ઇત્યાદિ પ્રવૃત્તિને ઉત્તેજન આપવું.
- યુવા સાહિત્યકારને યુવા ગૌરવ પુરસ્કાર આપવામાં આવે છે.

<u>ચાલુ બાબતો વર્ષ ૨૦૧૭-૨૦૧૮ પ્લાન</u>

મુ.સ.૨૨૦૨ સામાન્ય શિક્ષણ ૦૫ ભાષા વિકાસ ૧૦૨ (૧) એઆરટી -૧૧ ગુજરાતી ભાષા સાહિત્યનો વિકાસ

| | | |
|---|---|---|
| **(બ) ગુજરાત સાહિત્ય અકાદમીની પ્રવૃત્તિઓ** | | |
| ૧ | સાહિત્યકાર સન્માન- ગૌરવ પુરસ્કાર, સાહિત્યરત્ન તથા રમણભાઈ નીલકંઠ હાસ્યપુરસ્કાર | ૮,૦૦,૦૦૦ |
| ૨ | યુવા ગૌરવ પુરસ્કાર | ૧,૦૦,૦૦૦ |
| ૩ | ગ્રંથપ્રકાશન | ૨૫,૦૦,૦૦૦ |
| ૪ | કાર્યક્રમ પરિસંવાદ ઉત્સવ | ૨૫,૦૦,૦૦૦ |
| ૫ | બાલ સાહિત્ય પુસ્તક પ્રકાશન આર્થિક સહાય | ૩,૦૦,૦૦૦ |
| ૬ | નવોદિત લેખકોને પુસ્તકોને પુસ્તક પ્રકાશન આર્થિક સહાય | ૫,૦૦,૦૦૦ |
| ૭ | શિષ્ટમાન્ય લેખકોને પુસ્તક પ્રકાશન આર્થિક સહાય | ૭,૦૦,૦૦૦ |
| ૮ | શબ્દસૃષ્ટિ માસિક પ્રકાશન ખર્ચ | ૮,૦૦,૦૦૦ |
| ૯ | ગ્રંથાલય સહાય | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૦ | વાર્તાકથન, કાવ્યપઠન, મુખોમુખ, શબ્દસૃષ્ટિ વ્યાખ્યાનમાળા | ૪,૦૦,૦૦૦ |
| ૧૧ | સાહિત્યકાર સહાય | ૫,૦૦,૦૦૦ |
| | **કુલ રૂપિયા** | **૧,૦૧,૦૦,૦૦૦** |
| **(ક) હિન્દી સાહિત્ય અકાદમીની પ્રવૃત્તિઓ** | | |
| ૧ | સાહિત્ય સન્માન (ગૌરવ પુરસ્કાર) | ૭,૦૦,૦૦૦ |
| ૨ | યુવા ગૌરવ પુરસ્કાર | ૧,૦૦,૦૦૦ |
| ૩ | અકાદમી ગ્રંથ પ્રકાશન | ૫,૦૦,૦૦૦ |
| ૪ | કાર્યક્રમ પરિસંવાદ ઉત્સવ | ૪,૦૦,૦૦૦ |
| ૫ | બાલ સાહિત્ય નવોદિત, શિષ્ટમાન્ય લેખકોને પુસ્તક પ્રકાશન આર્થિક સહાય. | ૫૦,૦૦૦ |
| | **કુલ રૂપિયા** | **૧૭,૫૦,૦૦૦** |
| **(ડ) કચ્છી સાહિત્ય અકાદમી** | | |
| ૧ | સાહિત્યકાર ગૌરવ પુરસ્કાર | ૩,૦૦,૦૦૦ |
| ૨ | યુવા ગૌરવ પુરસ્કાર | ૧,૦૦,૦૦૦ |
| ૩ | અકાદમી ગ્રંથ પ્રકાશન | ૧,૦૦,૦૦૦ |
| ૪ | કાર્યક્રમ પરિસંવાદ ઉત્સવ | ૨,૫૦,૦૦૦ |
| ૫ | બાલસાહિત્ય, નવોદિત, શિષ્ટમાન્ય લેખકોને પુસ્તક પ્રકાશન આર્થિક સહાય. | ૫૦,૦૦૦ |
| | **કુલ રૂપિયા** | **૮,૦૦,૦૦૦** |
| **(ઇ) સાહિત્ય શિબિર** | | **૭૦,૦૦,૦૦૦** |
| **(ફ) અનુવાદ યોજના** | | **૫૦,૦૦,૦૦૦** |
| **એકંદર સરવાળો** | | |
| ૧ | ગુજરાત સાહિત્ય અકાદમી | ૧,૦૧,૦૦,૦૦૦ |
| ૨ | હિન્દી સાહિત્ય અકાદમી | ૧૭,૫૦,૦૦૦ |
| ૩ | કચ્છી સાહિત્ય અકાદમી | ૮,૦૦,૦૦૦ |
| ૪ | **સાહિત્ય શિબિર** | ૭૦,૦૦,૦૦૦ |
| ૫ | **અનુવાદ યોજના** | ૫૦,૦૦,૦૦૦ |
| | **કુલ રૂપિયા** | **૨,૪૬,૫૦,૦૦૦** |

**<u>ચાલુ બાબતો વર્ષ ૨૦૧૭-૨૦૧૮ પ્લાન</u>**

મુ.સ.૨૨૦૨ સામાન્ય શિક્ષણ ૦૫ ભાષા વિકાસ ૧૦૨ (૨) એઆરટી -૧૨ ઉર્દૂ, સિંધી તેમજ અન્ય અર્વાચીન ભારતીય ભાષાઓને વિકાસ

| | | |
|---|---|---|
| | **(અ) ઉર્દૂ સાહિત્ય અકાદમી** | |
| ૧ | સાહિત્યકાર ગૌરવ પુરસ્કાર | 3,00,000 |
| ૨ | યુવા ગૌરવ પુરસ્કાર | ૧,00,000 |
| ૩ | શિષ્ટમાન્ય લેખકોને આર્થિક સહાય | ૫0,000 |
| ૪ | નવોદિત પ્રશિષ્ટ, બાલ સાહિત્ય લેખકોને પુસ્તક પ્રકાશન આર્થિક સહાય | ૫0,000 |
| ૫ | વાર્ષિક અંક સાબરનામા પ્રકાશન | ૫0,000 |
| ૬ | ગ્રંથપ્રકાશન | ૧,00,000 |
| ૭ | શ્રેષ્ઠ પુસ્તક ઇનામ | ૫0,000 |
| ૮ | પરિસંવાદ વર્કશોપ કાર્યક્રમ | ૨,૫0,000 |
| ૯ | સાહિત્યકાર સહાય | 3,00,000 |
| | **કુલ રૂપિયા** | **૧૨,૫0,000** |
| | **(બ) સિંધી સાહિત્ય અકાદમી** | |
| ૧ | સાહિત્યકાર ગૌરવ પુરસ્કાર | 3,00,000 |
| ૨ | યુવા ગૌરવ પુરસ્કાર | ૧,00,000 |
| ૩ | શિષ્ટમાન્ય લેખકો, નવોદિત તથા બાલ સાહિત્ય અનુવાદ પુસ્તક લેખકોને પુસ્તક પ્રકાશન આર્થિક સહાય | ૧,00,000 |
| ૪ | પરિસંવાદ વર્કશોપ કાર્યક્રમ | 3,00,000 |
| ૫ | વાર્ષિક અંક અદબીચમન પ્રકાશન તેમજ બાગબહાર | ૧,00,000 |
| ૬ | ગ્રંથપ્રકાશન | ૧,00,000 |
| ૭ | શ્રેષ્ઠ પુસ્તકોને ઇનામ | ૫0,000 |
| ૮ | સાહિત્યકાર સહાય | ૧,00,000 |
| | **કુલ રૂપિયા** | **૧૧,૫0,000** |
| | **(ક) અન્ય અર્વાચીન ભારતીય ભાષાઓ** | |
| ૧ | પ્રશિષ્ટ કૃતિના ગુજરાતી અનુવાદનું પુનઃમુદ્રણ | ૪,00,000 |
| | **કુલ રૂપિયા** | **૪,00,000** |
| | **એકંદર સરવાળો** | |
| ૧ | ઉર્દૂ સાહિત્ય અકાદમી | ૧૨,૫0,000 |
| ૨ | સિંધી સાહિત્ય અકાદમી | ૧૧,૫0,000 |
| ૩ | અન્ય અર્વાચીન ભારતીય ભાષાઓ | ૪.00,000 |
| | **કુલ રૂપિયા** | **૨૮,00,000** |

**ચાલુ બાબતો વર્ષ ૨૦૧૭-૧૮ પ્લાન**

મુ.સ.૨૨૦૨ સામાન્ય શિક્ષણ ૦૫ ભાષા વિકાસ ૧૦૩ (૨) એઆરટી -૧૦ સંસ્કૃત, ભાષા અને તેના સાહિત્યનો વિકાસ

| | **(બ) સંસ્કૃત સાહિત્ય અકાદમીની પ્રવૃત્તિઓ** | |
|---|---|---|
| ૧ | ગ્રંથપ્રકાશન | ૨,૦૦,૦૦૦ |
| ૨ | કાર્યક્રમ પરિસંવાદ ઉત્સવ | ૫,૦૦,૦૦૦ |
| ૩ | શિષ્ટમાન્ય લેખકોને,પુસ્તક પ્રકાશન આર્થિક સહાય | ૧,૦૦,૦૦૦ |
| ૪ | શ્રેષ્ઠ પુસ્તકોને ઇનામ | ૧,૫૦,૦૦૦ |
| ૫ | **સંસ્કૃતોત્સવ** (વેદ પંડિત સન્માન-સાહિત્ય ગૌરવ પુરસ્કાર,યુવા ગૌરવ પુરસ્કાર અને સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત) | ૩૫,૦૦,૦૦૦ |
| ૬ | સંસ્કૃત સંભાષણ સ્પર્ધા | ૨,૫૦,૦૦૦ |
| ૭ | ગ્રંથાલય સહાય | ૮,૦૦,૦૦૦ |
| ૮ | સંસ્કૃત નાટયસ્પર્ધા | ૩,૫૦,૦૦૦ |
| ૯ | સાહિત્યકાર સહાય | ૧,૫૦,૦૦૦ |
| | **કુલ રૂપિયા** | **૬૦,૦૦,૦૦૦** |

**ચાલુ બાબતો વર્ષ ૨૦૧૭-૧૮ પ્લાન**

મુ.સ.૨૨૦૫ કલા અને સંસ્કૃતિ

પેટા મુખ્ય સદર;૦૦ ગૌણ સદર; ૧૦૨ કલા અને સંસ્કૃતિને ઉત્તેજન

પેટા સદર;૦૭ લોક સાહિત્ય સમિતિને અનુદાન

ગુજરાત સાહિત્ય અકાદમી (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ)

| | **ગુજરાત સાહિત્ય અકાદમી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (રાજકોટ)** | |
|---|---|---|
| ૧ | શ્રી ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર | **૨૫,૦૦,૦૦૦** |

**તા. ૨૯/૦૨/૨૦૧૭ ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમીમાં મંજૂર થયેલ જગ્યાઓનું પત્રક**

| પે બેન્ડ | ગ્રેડ પે | ફીક્સ પગાર | મંજૂર થયેલ મહેકમ | | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ- ૧ | વર્ગ- ૨ | વર્ગ- ૩ | વર્ગ- ૪ | |
| ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૭૦૦ | ૨૧,૪૦૦ | ૦૧ | - | - | - | ૦૧ |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | - | -- | ૦૩ | - | - | ૦૩ |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | - | - | - | ૦૨ | - | ૦૨ |
| ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | - | - | - | ૦૨ | - | ૦૨ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | - | - | - | ૦૩ | - | ૦૩ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | - | - | - | ૦૧ | - | ૦૧ |
| ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | - | - | - | ૦૫ | - | ૦૫ |
| ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | - | - | - | - | ૦૪ | ૦૪ |
| સરવાળો : | | | ૦૧ | ૦૩ | ૧૩ | ૦૪ | ૨૧ |